ભારતીય જનતા પાર્ટી
ગુજરાત
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

આઝાદી કા અમૃત મહોત્સવ

**પ્રેસનોટ:-2729/11/2024** તા.17.11.2024

# વિરમગામના વણી ગામમાં આયોજીત જળ સંચય જન ભાગીદારી કાર્યક્રમમાં ગુજરાત પ્રદેશ અધ્યક્ષ અને કેન્દ્રીય જળશક્તિમંત્રીશ્રી સી.આર.પાટીલજીની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયો.

----

## આપણી આવનાર પેઢી માટે પાણીનુ સંચય કરવુ જરૂરી છે જેમ આપણે આપણા વારસદારો માટે સંપત્તિનો સંગ્રહ કરીએ છીએ તેમ જળ નું સંચય કરવું જરૂરી છે. – શ્રી સી.આર.પાટીલ

----

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે, વણીગામ દ્વારા આયોજીત જળ સંચય જન ભાગીદારી કાર્યક્રમમાં ગુજરાત પ્રદેશ અધ્યક્ષ અને કેન્દ્રીય જળશક્તિમંત્રીશ્રી સી.આર.પાટીલજીની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયો.

ગુજરાત પ્રદેશ અધ્યક્ષ અને કેન્દ્રીય જળશક્તિમંત્રીશ્રી સી.આર.પાટીલજીએ સંબોધન કરતા જણાવ્યું હતું કે, કેચ ધ રેઇન યોજના આદરણીય શ્રી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે જાહેર કરી હતી. આ યોજનાથી વરસાદનુ પાણી જમનીમાં ઉતરાવા માટેની છે. વરસાદી પાણી જમીનમા ઉતારવા માટે બોર બનાવવા જરૂરી છે. પાણી આપણુ જીવન છે ખોટી રીતે પાણીવેડફાઇ જાય તો મોટુ સંકટ આપણી ઉપર આવી શકે છે એટલે પાણીનો સંચય ખૂબ જરૂરી છે. આપણી આવનાર પેઢી માટે પાણીનુ સંચય કરવુ જરૂરી છે જેમ આપણે આપણા વારસદારો માટે સંપત્તિનો સંગ્રહ કરીએ છીએ તેમ જળ નું સંચય કરવું જરૂરી છે. વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી સાહેબ હમેંશા કહે છે કે ગામનુ પાણી ગામમાં અને સિમનુ પાણી સિમમા રહેવુ જોઇએ. આખા ગુજરાતમાંથી અદાજે 80 હજાર રેઇન વોટર હાર્વેસ્ટીંગ બોર કરવાના કમીટમેન્ટ મળ્યા અને મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલે પણ ખેડૂતોના બંધ પડેલા બોરને રિચાર્જ કરવા માટે જે પણ ખર્ચ થાય તેમા 90 ટકા રૂપિયા સરકાર આપશે તેની યોજના જાહેર કરી જે અંતર્ગત 14 હજાર 800 જેટલા બંધ બોર રિચાર્જ થયા.

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

આઝાદી કા અમૃત મહોત્સવ

શ્રી પાટીલજીએ વધુમાં જણાવ્યું કે, પાણી બચાવવા અલગ-અલગ યોજનાથી આગળ વધુવુ ખૂબ જરૂરી છે. માઁ નર્મદાના નીરને કચ્છ સુધી પહોંચાડવા અનેક અવરોધો હોવા છતા મક્કમતાથી પ્રયાસ કર્યો છે. પાણીને બચાવવા જન ભાગીદારી હોવી ખૂબ મહત્વનું છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના નેતૃત્વમા ભારત ત્રીજા વિશ્વયુદ્ધમા પાણી માટેની લડતમા નહી હોય તેની ખાતરી આપુ છું.સુરતમા રહેતા મધ્યપ્રદેશ,રાજસ્થાન અને બહિરાના લોકોએ પણ તેમના ગામમાં બોર બનાવવા સંકલ્પ કર્યો છે. ગુજરાતના સૌ લોકોએ તેમના ઘર કે ખેતરમા પાણી જમીનમા ઉતરે તે માટે બોર બનાવા પ્રયાસ કરે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ મન કી બાત કાર્યક્રમમાં તમારા ગામની વાત મુકે તે માટે તેમને તેમારા ગામની માહિતી આપીશ કે તમારા કામથી અન્ય લોકો પ્રેરણા મળે.

આ કાર્યક્રમમાં સાંસદશ્રી ચંદુભાઇ શિહારો,જીલ્લાના પ્રમુખશ્રી હર્ષદગીરી ગોસ્વામી, ધારાસભ્યશ્રી હાર્દીકભાઇ પટેલ,અમદાવાદ જીલ્લા પંચાયતના પ્રમુખશ્રી કંચનબા વાઘેલા,સુરેન્દ્રનગર જીલ્લાના પ્રમુખશ્રી હિતેન્દ્રસિંહ ચૌહાણ,પુર્વ ધારાસભ્યશ્રીઓ સહિત જીલ્લાના હોદ્દેદારશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ડૉ.યજ્ઞેશ દવે
(પ્રદેશ મિડિયા કન્વીનર)